Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED NO. B. 431

॥ શ્રી ॥

# આત્માનંદ પ્રકાશ.

## પુસ્તક ૪ થું

સં. ૧૯૬૨ના શ્રાવણથી ૧૯૬૩ના અષાઢ સુધી. અંક ૧૨

" सेव्यः सदा श्रीगुरुकल्पवृक्षः "

स्रग्धरावृत्तम्.

धर्मानन्दं वितन्वन् जगति जनगणे भव्यतानन्दयुक्ते<br>
विद्यानन्दं विनोदैर्निजहृदि वितरन् वाचकानां विशेषात् ।<br>
भावानन्दं गुरूणां पदकमलयुगे भासयन् भक्तिभाजाम्<br>
आत्मानन्दप्रकाशः प्रसरति भुवने वीरभानुप्रभावात् ॥

પ્રગટ કર્તા.

**શ્રી આત્માનંદ સભા, ભાવનગર.**

તંત્રી

મોતીચંદ ઓધવજી શાહ.

વીર સંવત્ ૨૪૩૩. આત્મ સંવત્ ૧૧-૧૨

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

ભાવનગર—ધી " વિદ્યા વિજય " પ્રિન્ટીંગ પ્રેસમાં

શાહ પુરૂષોત્તમદાસ ગીગાભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્મારામજી જૈન જ્ઞાનમંદિર
નરસિંહજીની પોળ, વડોદરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॥ वार्षिक विषयानुक्रमणिका ॥


| નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | વર્ષારંભે માંગલ્ય સ્તુતિ... | ૧ |
| ૨ | ગુરૂ સ્તુતિ. | ૨ |
| ૩ | નવિન વર્ષારંભ... | ૩ |
| ૪ | આપણી ધાર્મિક સ્થિતિ.... | ૬ |
| ૫ | ચિંતામણી. | ૧૧. ૪૭, ૨૪૬, ૨૭૦, |
| ૬ | જૈન સોળ સંસ્કાર. | ૧૨. ૬૧, ૯૩, ૧૫૫, ૨૧૩, ૨૨૭, ૨૬૬, |
| ૭ | સત્ય વિષે વિવેચન.... | ૧૭ |
| ૮ | ગ્રંથાવલોકન.. | ૨૦, અંક ૧૦ના ટાઇટલ ઉપર |
| ૯ | વૃત્તાંત સંગ્રહ.. | ૨૬, ૫૭, ૯૬, ૧૨૩, અંક ૧૦ના ટાઇટલ ઉપર, |
| ૧૦ | પ્રભુ સ્તુતિ... | ૨૯, ૧૪૯. ૨૨૧, ૨૪૫, ૨૬૯, |
| ૧૧ | ઉપદેશ પદ... | ૨૯, |
| ૧૨ | સમકિત.... | ૩૦, ૭૮, ૧૯૮, |
| ૧૩ | ધ્યાન વિલાસ | ૩૯ |
| ૧૪ | ગુણ ગ્રાહકતા | ૪૯ |
| ૧૫ | વૈરાગ્ય પચ્ચશી... | ૫૩, |
| ૧૬ | પરિગ્રહ પીડા...... | ૫૫, |
| ૧૭ | જૈન ગ્રેજ્યુએટસનું કર્તવ્ય.. | ૬૬, |
| ૧૮ | કચ્છ મહોદય | ૭૧, ૧૮૮. ૨૪૩, |
| ૧૯ | મહત્યાગ અને પ્રશમરતિ | ૭૨, ૮૯, |
| ૨૦ | યોગીજનનું માધ્યસ્થ્ય.... | ૭૭, |
| ૨૧ | ભેદ જ્ઞાનથી ભવ પારતા.. | ૮૫, |
| ૨૨ | પાંચકલ્પી સાધુઓનુ વર્ણન | ૧૦૧, ૧૨૬, |
| ૨૩ | દાન.. | ૧૦૯, |
| ૨૪ | બ્રહ્મચર્ય પ્રભાવ... | ૧૧૩, ૧૮૪, ૨૧૬, ૨૮૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૫ આત્મજ્ઞાન વિનાનિ ક્રિયાથીશું?... ... ... ૧૧૬,
૨૬ તત્વસ્મરણ. ... ... ... ... ...૧૨૫,
૨૭ શ્રદ્ધા. ... ... ... ... ... ... ૧૩૦,
૨૮ પાંચમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ... ૧૩૭, ૧૭૩, ૧૭૪,
૨૯ સિદ્ધ સૂરિ પ્રબંધ... ... ... ૧૪૪, ૧૪૯ ૨૦૫, ૨૩૦,
... ... ... ૨૬૧,
૩૦ જગતમાંનું નીતિમય શાસન.. ... ... ૧૪૬; ૧૬૩,
૩૧ આર્ય. ... ... ... ... ... ૧૫૮, ૨૧૦,
૩૨ માનપત્રનો મેલાવડો ... ... ... ... ૧૬૯.
૩૩ મુનિરાજ હંસવિજયજીનું ભાષણ.. ... ... ૧૯૦,
૩૪ સન્માન મહોત્સવ.... ... ... ... ... ૧૯૩,
૩૫ ચૈત્ર વર્ષારંભે માંગલ્ય સ્તુતિ ... ... ... ૧૯૭,
૩૬ મેળાવડો ... ... ... ... ... ૨૨૦,
૩૭ અક્ષય તૃતિયા.... ... ... .. ... ૨૨૨.
૩૮ વાસ્તુયાને પ્રવેશ મહોત્સવ. ... ... ... ૨૩૭.
૩૯ અમારો મહાન પ્રયાસ... ... ... ... ૨૪૧,
૪૦ બોધાષ્ટક... ... ... ... .....૨૪૫, ૨૬૯,
૪૧ યતિધર્મ અને શ્રાવક ધર્મનો સંવાદ.. ...૨૫૧, ૨૭૪,
૪૨ કેળવણી એટલે શું? .... ... ... ... ૨૫૮,
૪૩ સમુદ્ર તટપરના વિચારો.... ... ... ... ૨૭૯,
૪૪ વર્તમાન સમાચાર. ... ... ... ... ૨૯૩,


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૪ થું. વિક્રમ સંવત્ ૧૯૬૨—શ્રાવણ. અંક ૧ લો.

## વર્ષારંભે માંગલ્ય સ્તુતિ.

### अनुष्टुप्.

१ आत्मानंदमयो जीयादात्मानंद विधायकः ।
आत्मानंद प्रकाशाय ह्यात्मानंदधरो जिनः ॥ १ ॥
चतुरोतिशयान् तन्वन् चतुर्धा धर्ममादिशन् ।
चतुर्थेऽभिनवे वर्षे जिनोऽस्तु मंगलप्रदः ॥ २ ॥

૧ **ભાવાર્થ:**—આત્માના આનંદથી વ્યાપ્ત, આત્માના આનંદને આપનાર અને આત્માના આનંદને ધારણ કરનાર શ્રી જિન ભગવાન્ આત્માનંદનો પ્રકાશ કરવાને માટે જય પામો. ૧.

ચાર અતિશયને વિસ્તારનાર, દાન, શીલ, તપ અને ભાવ રૂપ ચાર પ્રકારના ધર્મને ઉપદેશ કરનાર શ્રી જિન ભગવંત આ આત્માનંદ પ્રકાશના નવીન ચોથા વર્ષમાં મંગલદાયક થાઓ. ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## शार्दूलविक्रीडितम्.

[1]यद्बोधामृत वर्षणेन बहवः सद्बोधिबीजं गताः
यच्चारित्र विलोकनेन बहवश्चारित्रभाजोऽभवन् ।
येनास्मात्समनूध्धृता भुवि जनाः संसारवारांनिधेः
स श्री वीरजिनेश्वरो विजयतां श्री धर्मकल्पद्रुमः ॥ ३ ॥

## ગુરૂસ્તુતિ.

### अनुष्टुप्.

[2]भारते गीतयशसां संप्राप्त स्वर्ग संपदाम् ।
विजयानंदसूरीणां चरणौ प्रणिदध्महे ॥ १ ॥
[3]विहारैरुपदेशैश्च धर्म ज्ञानविवर्धनम् ।
विजयानंदसूरीणां शिष्यवृंदमुपास्महे ॥ २ ॥

### હરિગીત.

છો દેવના પણ દેવ જિનવર શાંત રૂપ [1]સુધાનિધિ,
[2]શ્રુતવંત સદ્ગુણ સાર સુંદર રૂપ [3]શર્મ મહોદધિ;

૧ જેમના બોધરૂપ અમૃતની વૃષ્ટિથી ઘણા લોકો બોધિબીજને પામેલા છે, જેમના ચારિત્રને જોઇને ઘણા પુરૂષો ચારિત્રધારી થએલા છે અને જેમણે પૃથ્વીમાં આ સંસારરૂપ સમુદ્રમાંથી ઘણાનો ઉદ્ધાર કર્યો છે એવા ધર્મના કલ્પવૃક્ષરૂપ શ્રી વીર ભગવંત વિજય પામો. ૩

૨ આ ભારત વર્ષમાં જેમનું યશ ગવાય છે અને જેમણે સ્વર્ગ લોકની સંપત્તિ પ્રાપ્ત કરેલી છે એવા શ્રી વિજયાનંદસૂરિના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ. ૧.

૩ વિહારો કરીને અને ઉપદેશો આપીને ધર્મ તથા જ્ઞાનને વધારનારા શ્રી વિજયાનંદ સૂરીના શિષ્ય સમુદાયની અમે ઉપાસના કરીએ છીએ.

૧ અમૃતના નિધિ. ૨. શાસ્ત્ર જ્ઞાનવાળા. ૩ સુખના મહાસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરૂણા કરો કરૂણાનિધિ લઇ ધર્મના ઉત્કર્ષમાં,
અર્હંત આત્માનંદ આપો અધિક અભિનવ વર્ષમાં. ૧
સદ્જ્ઞાનના નિધિરૂપ નિર્મલ ધર્મ ધારક ધીર છો,
સ્યાદ્વાદમત ઉદ્ધાર કારક ધર્મ નાયક વીર છો;
સદ્ બોધ આપો ભવિક જનને શ્રેષ્ટ સૌથી સરસમાં,
અર્હંત આત્માનંદ આપો અધિક અભિનવ વર્ષમાં. ૨
પરિપૂર્ણ પુણ્ય સુરૂપ નિર્ભય શ્રી નિરંજન નાથ છો,
સૌ ભક્ત જનના [1]કર્મહારક મદનના [2]ઉન્માથ છો;
આનંદમાં છો મગ્ન નિત્યે નહિ રહો [3]આમર્શમાં,
અર્હંત આત્માનંદ આપો અધિક અભિનવ વર્ષમાં. ૩

### શાર્દૂલવિક્રીડિત.

જૈનોનું જયવંત શાસન રહો સદ્ધર્મના કર્મમાં,
આત્માનંદ પ્રકાશ પત્ર મુદથી વાંચી વધો ધર્મમાં;
ગાજો શ્રી ગુરૂભક્તિથી ભવનમાં રાજો દયા રંગથી,
રાચો ગ્રાહક વર્ગ આ વરષમાં સાધર્મિના સંગથી. ૧

# નવીન વર્ષારંભ.

પ્રિય વાચકવૃંદ, શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મનું માહાત્મ્ય પ્રગટ કરનાર, ભારતવર્ષના જૈન બંધુઓની વાચિક અને માનસિક સેવા બજાવનાર આ **આત્માનંદ પ્રકાશ** ચોથા વર્ષમાં પ્રવેશ કરે છે. ચોથા વર્ષમાં પ્રવેશ કરવાને પ્રથમ તેણે દેવ ગુરૂની સ્તુતિ રૂપ માંગલ્ય આચર્યું છે. અને આ નવીન વર્ષમાં ઇષ્ટ અર્થ નિર્વિઘ્ને સંપાદન થવાને ઈષ્ટની પાસે પ્રેમથી પ્રાર્થના કરી છે.

જે ભાષા હૃદયના અંતર પ્રદેશમાંથી નીકળે છે, તેજ ભાષા વાંચનારે તથા સાંભળનારના હૃદયને સ્પર્શ કરે છે. હૃદયની

૧ કર્મને નાશ કરનારા. ૨, કામદેવના નાશ કરનારા. ૩ ક્રોધમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષાજ ખરી ભાષા છે, તેમાં અલૌકિક ભવ્યતા જોવામાં આવે છે. હૃદયની ભાષા હમેશાં જીવતી રહે છે. આર્હત વાણીને વિવિધ રૂપાંતર કરી લખનારા પ્રાચીન જૈન આચાર્યો અત્યારે વિદ્યમાન નથી, કાળે કરીને તેઓ કદિ વિસરી જવાશે, પરંતુ તેઓના પ્રેમ પૂર્ણ હૃદયની ભાષા–તેમનો હૃદય વેદ વાંચીને તેઓ જે સત્ય લખી ગયા છે, તેનો વિનાશ થવાનો નથી. ગમે તે રીતે તે અવિનશ્વર રહે છે. એવી હૃદયની પવિત્ર ભાષાને જુદા જુદા વિષય રૂપે રૂપાંતર કરી પ્રગટ કરવામાં આ આત્માનંદ પ્રકાશ પોતાની કૃતાર્થતા સમજે છે.

આત્માનો આનંદ દિવ્ય છે–અલૌકિક છે. હિમવત્ પર્વતના ઝરણાના સંગીતથી સુશોભિત એવા શિખર પ્રદેશની પાંસે ઊભા રહો, ગંભીર રાત્રે વેણુના મૂર્છાત્મક મધુર શબ્દો સાંભળો, ગિરિકંદરમાં પૂર્ણ જ્યોત્સ્નાથી અલંકૃત એવા રમણીય પ્રદેશમાં સ્થિર રહો, શ્રૃંગારથી શોભાયમાન મેહેલમાં સુંદર મહિલાઓના સહવાસમાં રહો, સુખ મેળવવાની તૃષ્ણામાં અને સૌંદર્યની તરસમાં તરસ્યા થઇને વિવિધ પ્રકારના શેહેરોમાં ફર્યા કરો, અને અતિશય સૌંદર્યને, અવલોકવા ચારે તરફ દૃષ્ટિક્ષેપ કર્યા કરો પરંતુ કોઇ રીતે તમારો તૃષ્ણાતુર આત્મા તૃપ્ત થશે નહીં. રૂપ, રસ, ગંધ તથા સ્પર્શ વિગેરેના પવિત્ર માધુર્યનો ઉપભોગ કર્યાથી ક્ષણભંગુર સુખ ક્ષણ માત્ર મેળવી શકાશે ખરૂં પણ આ સંસાર રૂપ સંગ્રામથી થાકી ગયેલા દેહ, મન અને પ્રાણને શાંતિમય આત્માનંદ રૂપ પલંગ પર સૂતા વિના પૂર્ણ સુખ પ્રાપ્ત થશે નહીં. આત્માનો આનંદજ સર્વ માધુર્યની ખાણ છે. એ આત્માનંદનો પ્રકાશ સાધારણ નથી. ઇષ્ટ પુજા, ગુરૂભક્તિ અને ધર્મપર શ્રદ્ધાથીજ એ આનંદ પ્રાપ્ત થાય છે.

મનુષ્યના આત્મામાં જે ભૂષણરૂપ ગુણો છે, તેજ પરમાત્માનું સ્વરૂપ છે. તેજ સ્વરૂપની સાનિધ્યમાં સર્વ જીવને સુખાકારી દયાનો પ્રવાહ વહ્યા કરે છે. તેથીજ કરીને સર્વજ્ઞ પ્રભુએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ્તવાણીના અંતરમાં **જીવ દયાના** તત્ત્વને પ્રથમ આરોપિત કર્યું છે. તેજ બીજના સંબંધ ઉપર આત્માનંદનો નિર્મલ પ્રકાશ પડે છે. આત્માનંદના પ્રકાશના કિરણો બે ભાગે વેંહેચાએલા છે. તેમાંહેલો એક મુખ્ય ભાગ ગુરૂભક્તિને પ્રગટ કરે છે અને બીજો ભાગ ભારતવર્ષની જૈન પ્રજાની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિ પ્રગટ કરવાનું મથન કરે છે; જેથી કરીને આ માસિક પોતાના **આત્માનંદ પ્રકાશ** એ નામને સાર્થક કરે છે.

ગુરૂભક્તિના આદર્શ રૂપ અને ગુરૂના નામથી અલંકૃત આ આત્માનંદ પ્રકાશે ગતવર્ષમાં પ્રભુ સ્તુતિ અને ગુરૂસ્તુતિના ગીતોથી પોતાના ગ્રાહકોને પ્રસન્ન કર્યાં છે. આરંભમાં પર્યુષણ પર્વનું માહાત્મ્ય દર્શાવી સાધર્મી બંધુઓમાં પર્વ ભક્તિ વધારી છે. જીવનના ઉદ્દેશનો ઉત્તમ લેખ આપી મનુષ્યભવની ઉપયોગિતા દર્શાવીછે. ખરી નિર્ગ્રંથતા, ભવાટવીમાં ભ્રમણતા, સૌથી સરસ માર્ગ, અભ્યાસનો હેતુ, ગુણદષ્ટિ, શારિરીક મહારાજ્ય, દ્વેષાદિ દોષનો ત્યાગ, સૌંદર્ય અને શ્રેષ્ઠતા, હૃદય બોધ અને આત્માનું કિંચિત્ સ્વરૂપ એવા એવા વિષયો આપી આ પ્રેમી પત્રે વાચકોને ધાર્મિક ઉન્નતિના માર્ગો દર્શાવ્યા છે અને પોતાના સુજ્ઞ ગ્રાહકોના હૃદય ઉપર વૈરાગ્યનાં બીજ વાવ્યાં છે. વળી ચિંતામણી, નર્મદા સુંદરી, અને ગિરનારની ગુફાના વાર્ત્તા રૂપ વિષયોથી સાંસારિક ઉન્નતિના ઉત્તમ પ્રકારો પ્રગટ કર્યા છે. કચ્છ મહોદયના વૃત્તાંતથી મુનિવિહારનો મહાન્ લાભ વર્ણવ્યો છે. અને શ્રાવકના સોળ સંસ્કારથી જૈન પ્રજાનો વિધિમાર્ગ દર્શાવ્યો છે.

સાધારણ નિયમ પ્રમાણે શિશુપણામાં પ્રૌઢ ભાષા, ઉત્કૃષ્ટ વિચારો અને દુષ્કર કાર્ય બજાવવાની શક્તિ હોવાનો થોડો સંભવ હોયજ, તથાપિ આ ત્રણ વર્ષનું અલ્પ શક્તિવાલું બાળક સારૂં પોષણ પામી યોગ્ય ઉછેરનારને હાથે ઉછરી મોટું થાય તો એક ઉત્તમ વક્તા થઇ શકે તથા ઘણાં ઉપયોગી કાર્યો કરી શકે. માટે આ શિશુ વયના માસિકના દોષો વિષે ક્ષમાશીલ થવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સુધારા વધારા અર્થે ઘટિત સૂચન કરવા ગુણજ્ઞ વાચક ગૃહસ્થોને ખાસ વિનંતિ કરવામાં આવે છે.

આ માસિકે કેલવણીના નવા યુગમાં જન્મ લીધો છે, તેની સાથે ગુરૂના પવિત્ર નામની છાપ લીધી છે, તેથી તેને સર્વ તરફથી વિશેષ અભિનંદન મલતું જાય છે. વળી વર્ત્તમાન કાલે દેશમાં પ્રદીપ્ત થયેલી વાંચન રૂચિને લઇને ઉછરતા જૈન વર્ગ તરફથી મળતા ઉત્તેજન અને આશ્રયને આ માસિક આભારી છે. આત્માનંદ પ્રકાશનો હજુ અરૂણોદય છે, છતાં વૃદ્ધિગત થવાને બંધાયલી મજબૂત આશાને માટે ખરેખર આ માસિક પોતાના ગુરૂભક્ત, વિદ્યોત્તેજક અને ગુણજ્ઞ શ્રી વિજયાનંદસૂરિના શિષ્ય સમુદાયને પણ આભારી છે.

છેવટે આનંદ પૂર્વક જણાવા રજા લઇએ છીએ કે, નવા વર્ષમાં પ્રવેશ કરી આ માસિક વિવિધ પ્રકારના ધાર્મિક અને સાંસારિક રસિક વિષયો પ્રગટ કરી અમારા ગુણી ગ્રાહકોના હૃદયને આનંદિત કરે અને આ નવું વર્ષ અમને, અમારા માસિક પત્રને, અને અમારા વિદ્યોત્તેજક વાચક વર્ગને સર્વ પ્રકારે સુખદાયક નીવડે. "તથાસ્તુ"

# આપણી ધાર્મિક સ્થિતિ.

સાંપ્રતકાલે આપણી જૈન પ્રજાની ધાર્મિક સ્થિતિ કેવી છે તે વિષે પ્રૌઢ વિચાર કરવાની જરૂર છે. આપણે આપણી ધાર્મિક સ્થિતિનો વિચાર કરીશું તો આપણને માલમ પડશે કે, આપણી જૈન પ્રજા ધર્મની ઉન્નતિના જે માર્ગ લેવા જોઇએ, તે બરાબર લેતી નથી, પણ ઉલટા કોઈ કોઇ વખતે ઉતરતા માર્ગ ગ્રહણ કરે છે. ધાર્મિક ઉન્નતિ મેળવવાને આપને આપણી ધાર્મિક રૂઢિ કેવી થઈ પડી છે? તેનો પ્રથમ વિચાર કરવાનો છે. રૂઢીને લઇનેજ પ્રવર્ત્તન થાય છે અને તે પ્રવર્ત્તનનું અજ્ઞ પ્રજા સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જડતાથી અવલંબન કરે છે; જેથી ઉત્તરોત્તર જો તે રૂઢી ખરાબ હોય તો હાની થાય છે. સાંપ્રતકાળે ધર્મના માર્ગમાં કેવી કેવી નઠારી રૂઢિઓ પ્રવર્ત્તી છે, તે પ્રથમ જાણવી જોઇએ. “જૈનો ધર્મઘેલા છે.” એવો અપવાદ ઈતર ધર્મના લોકો મૂકે છે, એ કહેવત ખરેખરી છે. ધર્મ ઘેલાનો અર્થ ધર્મમાં ચુસ્ત, એમ થતો નથી, પણ દીર્ઘ વિચાર કર્યા વગર ગાડરીઆ પ્રવાહુની જેમ પ્રવર્ત્તન કરવું, એવો થાય છે. આપણા જુદા જુદા ખાતાઓમાં જે અવ્યવસ્થા પેસી ગઇ છે, તેનું કારણ પણ નઠારી રૂઢી છે.

દાખલા તરીકે નવ નવા ચૈત્યોના આરંભ કરવામાં, મોટા આડંબરથી અષ્ટાપદ, ચૌમુખજી સમવસરણ વિગેરેની રચના કરાવવામાં અને હદ ઉપરાંત પુસ્તકો લખાવવામાં અનગલ દ્રવ્ય ખરચવું એ વ્યાજબી નથી જો કે, ધર્મનો ઉદ્યોત કરવામાં ઉપરની બધી બાબતો કરવી યુક્ત છે, અને તે શાસ્ત્રના કથન પ્રમાણે પુણ્ય ઊપાર્જનનું મોટું કારણ છે. તથાપિ તેમાં સુધારો કરવાની જરૂર છે. નવા ચૈત્યોનો આરંભ કરવો તેના કરતાં જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર કરવાની ઘણી જરૂર છે. જે શેહેર કે ગામમાં શ્રાવક પ્રજા વધારે વસ્તી હોય, તેવે સ્થલે પૂજા ભક્તિને માટે એક ચૈત્યની જરૂર છે, પણ જ્યાં જૈન વસ્તી સાધારણ હોય ત્યાં વધારે ચૈત્યોની જરૂર નથી. તેવા દ્રવ્યનો વ્યય કરવા કરતાં જે ચૈત્યો નઠારી સ્થિતિમાં છે, તેનો ઉદ્ધાર કરવો તે વધારે ઉત્તમ છે. આથી કરીને કાંઇ ચૈત્ય ન કરાવવાં એમ કહેવાનું નથી, પણ જ્યાં જરૂર હોય ત્યાં નવા ચૈત્ય કરાવવા જોઇએ પણ ચૈત્યોનો જીર્ણોદ્ધાર કરવા તરફ વધારે ધ્યાન આપવાનું છે.

અષ્ટાપદ, સમવસરણ વિગેરેની રચનામાં મોટો આડંબર કરવામાં આવે છે, અને તેમાં હજારો રૂપીઆનો ખર્ચ કરવામાં આવે છે, તે ચાલતા દેશકાલને અનુચિત છે. તેવી રચનાઓ કરવામાં હજારો રૂપીઆનો વ્યય થઇ જાય છે. અને તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફલ જોઇએ તેવું મલતું નથી. પૂર્વકાલે તેવી રચનાઓ દેવતાઓ કરતા હતા અને તે રચનાનું અનુકરણ કરી આપણે તે સ્થિતિનું સ્મરણ કરવાનું છે અને તે સ્મરણને લઇને ધર્મના પરિણામ વૃદ્ધિ પામે તેમ કરવાનું છે, એ ખરૂં પણ તેમાંથી બીજું કંઈ વિશેષ ફલ મેલવી શકવાનું નથી. કદિ પ્રાચીન કાલની રચનાઓને જોવાથી આપણને જો ઘણો લાભ છે, એમ લાગતું હોય તો તે રચનાઓ નાના પાયાપર કરવી જોઇએ બાહેરના આડંબરમાં મોટો વ્યય ન થવો જોઇએ અથવા સિદ્ધાચલ તીર્થ કે બીજા તીર્થના મોટા ખાતાઓ તરફથી અથવા શહેરના સ્થાનિક સંઘ તરફથી કારીગરીવાલી તૈયાર રચનાઓ કાયમ રહે તેવી કરાવી રાખવી જોઇએ કે જેથી નવનવી રચનાઓ ઉભી કરવામાં અતિશય વ્યય થતો અટકે અને તે રચના નકરો લઇ આપવાથી કાયમ તેમાંથી દ્રવ્ય ઉત્પન્ન થયા કરે. હદ ઉપરાંત પુસ્તકો લખવાની રૂઢિમાં પણ ઘણો સુધારો કરવાની જરૂર છે. પ્રથમ તો જે પુસ્તકો સાધુઓને ઉપયોગી હોય, તેવા પુસ્તકોને સારા કાગલો અને સુંદર ટાઇપમાં છપાવવા જોઇયે અને તેની જથ્થાબંધ નકલો કોન્ફરન્સદ્વારા સર્વને પોહોચાડવી જોઇએ તેની વાજબી કીંમત રાખી, તે ખાતામાંથી જે ઉપાર્જન થાય તેનાથીજ તે ખાતું સતત ચાલે તેવી ગોઠવણ કરવી જોઇએ. પુસ્તક લખાવવામાં ઘણું દ્રવ્યનો વ્યય થાય છે અને તેનો લાભ જથ્થાબંધ લઇ શકાતો નથી. તેમજ લિખિત પ્રતો ઘણે ભાગે અશુદ્ધ લખાય છે, તેથી કરીને કેટલાએક વ્યાકરણના અભ્યાસ વગરના સામાન્ય જ્ઞાનવાલા સાધુઓથી તે અશુદ્ધિ દૂર થઇ શક્તી નથી, અને પછી પરંપરાએ તે અશુદ્ધિ વધતી જાય છે. આથી કરીને કાંઇ એમ સમજવાનું નથી કે, પુસ્તકો લખાવવાજ નહિં જે ઉપયોગી પુસ્તકો હોય અને જેનો વિચ્છેદ થવાનો ભય હોય, તેવા પુસ્તકોનો જીર્ણોદ્ધાર કરવો એ યુક્ત છે, પણ જે પુસ્તકો પ્રત્યેક મુનિને જરૂરના છે અથવા ગૃહસ્થ શ્રાવકોને જરૂરના છે, તેવા પુસ્તકો જથ્થાબંધ છપાવીને રાખવા જોઇએ. તેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુસ્તકો લખાવવામાં આપણને પ્રતિવર્ષે હજારો રૂપીઆનું ખર્ચ થાય છે; તેથી તે રૂઢિમાં સુધારો કરવાની જરૂર છે.

બીજીએક રૂઢિ સાધુઓને ભણાવવાને બ્રાહ્મણ શાસ્ત્રીઓ રાખવાની છે. દર વર્ષે જ્યારે ચાતુર્માસ્ય આવે ત્યારે શાસ્ત્રી બ્રાહ્મણોની શોધાશોધ થઇ પડે છે. કેટલેક સ્થલે તો મુનિમહારાજો બ્રાહ્મણ રાખવાનો ઠરાવ કરાવ્યા પછી ચાતુર્માસ્ય રહેવાનું કબુલ કરેછે; આ પણ એક નઠારી રૂઢિ છે. દરવર્ષે આપણા ઉપર નકામો બ્રાહ્મણીઓ કર પડે છે. જેવો કર બીજા કોઇપણ ધર્મમાં નથી. અહિં કોઇ કહેશે કે, મુનિ મહારાજાનોઓને અભ્યાસ કરાવવાની જરૂર છે અને તેને માટે શાસ્ત્રીઓ રાખવા એ વ્યાજબી છે, તેમાં શું ખોટું છે? તેના ઉત્તરમાં કહેવાનું કે, કદિ કોઇ યોગ્ય મુનિરાજ સારો અભ્યાસ કરવાની ઇચ્છા ધરાવતા હોય. અને તેનામાં બુદ્ધિબળ સારૂં હોય તો તેને સારા શાસ્ત્રીનો યોગ કરી આપવો એ વાજબી છે, પણ બનતાં સુધી એ પદ્ધતી ગ્રહણ કરવા યોગ્ય નથી. આપણા જૈન શાસ્ત્રમાં સ્વાધ્યાય કરવાનો ક્રમ અનાદિ છે અને તે આચાર્ય કે ઉપાધ્યાયની પાસે અભ્યાસ કરવાનોછે. વિશેષ અભ્યાસવાળા મુનિરાજો અલ્પાભ્યાસીઓને શીખવતા અને અલ્પ જ્ઞાનવાળા અધિક જ્ઞાનવાળાની પાસે અધ્યયન કરતા, એ ક્રમ પૂર્વે સર્વોત્તમ પ્રકારે ચાલતો હતો અને તેથીજ આપણા મુનિઓમાં વિદ્યાની વૃદ્ધિ થતી હતી. અત્યારે બ્રાહ્મણોની ઉપર આધાર રાખવાથી એ ક્રમ તદ્દન લુપ્ત થઈ ગયો છે. ગુરૂ વિદ્વાન્ હોય, આચાર્ય કે પન્યાસ પદ ધારણ કરી બેઠા હોય; અને અધ્યયનની મેહેનત લઇ શકે તેવા હોય, તથાપિ તેમના શિષ્યોને ભણાવવાને માટે બ્રાહ્મણોની શોધ થાય છે અને કોઇ ઠેકાણેતો મુનિઓના વિહારની સાથોસાથ વિદ્વાન્ બ્રાહ્મણોના વિહાર થતા હોય છે. અને તેમના ખર્ચનો બોજો આપણા ઉપર પડતો હોય છે. એ કેવું અનુચિત છે?

જો કદિ વિદ્વાન્ મુનિઓને પોતાના શિષ્યોને અધ્યયન કરાવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નો આવકાશ મળતો ન હોય અથવા પ્રમાદ દોષથી પોતે ગ્રસ્ત થયા હોય તો તેમણે પાલીતાણાની સંસ્કૃત પાઠશાળા કે બનારસની યશોવિજયજી સંસ્કૃત પાઠશાલામાં પોતાના શિષ્યોને મોકલવા એ વધારે ઉત્તમ છે. કારણકે, તેથી કરીને તે પાઠશાળાઓના અધ્યાપકોનો પગાર સાર્થક થાય, પાઠશાળામાં અભ્યાસીઓની સંખ્યા વધવાથી તેની આબાદી થાય અને આપણી ઉપર પડતો બ્રાહ્મણી કર ઓછો થાય-તેથી એ નઠારી રૂઢિનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ. આ રૂઢિને ત્યાગ કરવામાં ગૃહસ્થ શ્રાવકોને મુનિમહારાજાઓએ મદદ આપવી જોયએ.

આ શિવાય બીજી કેટલીએક નઠારી રૂઢિઓ છે, જેમાં આપણી પ્રજાના ઉપયોગી દ્રવ્યનો નિરર્થક બહુ વ્યય થાય છે; તેથી તેવી કુરૂઢિઓ બંધ કરી ધર્મની ઉન્નતિના બીજા માર્ગો લેવા જોઇએ. સાંપ્રતકાળે વિવિધ જાતની કેલવણી લેવાની ઘણી જરૂર છે. કારણકે, જૈન પ્રજામાં ગરીબાઈ વધતી જાય છે, અને વ્યાપાર કલામાં વિશેષ દ્રવ્યની જરૂર હોવાથી, વ્યાપારકુશલ જૈન પ્રજા નિર્ધનતાને યોગે તે કલા સંપાદન કરી શકતી નથી, તેને માટે સારા સારા ઉપાયો યોજવાની આવશ્યકતા છે. આર્હત ધર્મમાં જ્ઞાન ક્ષેત્રની પુષ્ટિને માટે સારો પ્રભાવ દર્શાવ્યો છે અને તે ક્ષેત્ર પુષ્ટ કરવામાં દ્રવ્યનો અતિ વ્યય કરવાથી ધાર્મિક ઉન્નતિ વિશેષ થાય, તેમાં કાંઇ પણ સંદેહ નથી. પણ બીજા ધર્મને નામે ચાલતા આડંબરવાળા આડા ખર્ચો બંધ કરી જ્ઞાનક્ષેત્રને વિશેષ પલ્લવિત કરવું જોઇએ. તે જ્ઞાન કેવલ ધાર્મિક નહીં પણ ધાર્મિક અને સાંસારિક-બંને પ્રકારનું હોવું જોઇએ. ધાર્મિક જ્ઞાનની સાથે મિશ્ર થયેલું સાંસારિક જ્ઞાન શ્રાવક સંસારની સુધારણાનું મૂલ કારણ થઈ પડે, તે નિ;સંદેહ વાત છે. સાંસારિક જ્ઞાન એ રાજકીય ભાષા આદિનું જ્ઞાન છે અને તે આપણી પ્રજાની સાંસારિક ઉન્નતિનું મૂલ કારણ થઇ પડે તેવું છે. જ્યારે સાંસારિક ઉન્નતિમાં જૈન પ્રજા ચડીઆતી થઇ તો પછી તે ધાર્મિક ઉન્નતિ સંપાદન કરવાને સારી રીતે યોગ્ય થાયજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંસારિક ઉન્નતિ શિવાય નિર્ધનતા મટવાની નથી, અને નિર્ધનતા મટયા વિના ધાર્મિક ઉન્નતિ થઇ શકવાની નથી. માટે જૈન પ્રજા પોતાના દ્રવ્યનો વ્યય ઉપયોગી સન્માર્ગે કરવા પ્રયત્ન કરશે તો તેઓની ધાર્મિક સ્થિતિની સાથે સાંસારિક સ્થિતિ સર્વોત્તમ થશે તેમાં કાંઇ પણ સંદેહ નથી.

# ચિંતામણિ.

## એક ચમત્કારી વાર્ત્તા.

( ગયા પુસ્તક ત્રીજાના અંક ૯ ના પૃષ્ટ ૨૦૩ થી શરૂ. )

### સંઘ અને સંઘના અગ્રેસરોનો ધર્મ.

( મુનિ વૈભવવિજયની દેશના. )

વર્ધમાનપુરનો સંઘ ઊલટ અને ઉમંગથી ઉપાશ્રયમાં આવ્યો હતો. આજનું વ્યાખ્યાન ઘણું ઉપયોગી ધારી, બાલ, તરૂણ અને વૃદ્ધ સ્ત્રી પુરૂષો તે વ્યાખ્યાન સાંભળવાને ઉલટ ધરી આવતા હતા. પ્રબલચંદ્ર, વિનોદચંદ્ર અને બીજા સંઘના પ્રતિષ્ઠિત પુરૂષો વ્યાખ્યાનના સમયની પેહેલા આવીને હાજર થયા હતા. વક્તાના મુખની વાણી બરાબર સાંભળવામાં આવે એવી ઇચ્છાથી બીજા ઘણાઓ ગુરૂના આસનની નજીક આસન મેળવવાને અગાઉથી આવી પોહોચ્યા હતા.

બરાબર સમય થયો, એટલે ચિંતામણિ મુનિ વ્યાખ્યાન શાળામાં પધાર્યા. મહામુનિને આવતા જોઇ સર્વ શ્રોતાઓ ઉભા થયા અને " **आदीश्वर भगवान्नी जय** " એ ધ્વનિથી વ્યાખ્યાન શાળા ગાજી ઉઠી. જ્ઞાન તેજથી પ્રકાશમાન અને ચારિત્રથી અલંકૃત શ્રીમાન્ ચિંતામણિ મુનિ વ્યાખ્યાતાના આસન પર વિરાજમાન થયા. સંઘ સમુદાયની દ્રષ્ટિઓ મુનિરાજ ચિંતામણિના મુખચંદ્ર પર ચકોર ચેષ્ટા કરવા લાગી. મુનિરાજના મુખની વાણી સાંભળવાને શ્રોતાઓ કર્ણદ્વાર ધરી સાવધાન થઇ રહ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમપવિત્ર મુનિ વૈભવવિજયે મંગલાચરણનો આરંભ કરી નીચે પ્રમાણે પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું.—

ભદ્ર શ્રાવકગણ, આજના વ્યાખ્યાનમાં જે વિષય ચર્ચાવાનો છે, તે તમારે અવશ્ય ધ્યાન આપવા યોગ્ય છે. આજનો વિષય **સંઘ અને સંઘના અગ્રેસરોનો ધર્મ**—એ વિષેનો છે. સંઘ કોને કહેવો અને સંઘની ફરજ શી છે ? એ બધું પ્રત્યેક શ્રાવક પુત્રે જાણવું જોઇએ. જ્યાં સુધી સંઘના તત્ત્વનું ખરેખરૂં જ્ઞાન થાય નહિં, ત્યાંસુધી શ્રાવક પોતાના સ્વરૂપને ઓળખી શકતો નથી.

"સંઘ કોને કહેવો"? તે વિષે વિચાર કરતાં માલમ પડશે કે, **સંઘ** એ શ્રી આદીશ્વર ભગવંતે સ્થાપેલ સમુદાય છે. એ સંઘના ચાર વિભાગ પડે છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા—તે ચારે મલીને એક સમષ્ટિ સંઘ થાય છે. સંઘને આગમમાં તીર્થરૂપ કહેલો છે. ધર્મમાર્ગના પ્રવર્ત્તનનો તે મુખ્ય આધાર છે. ધર્મની મર્યાદા સંઘને આધીન છે. ધર્મરૂપ મહાસાગરનો મર્યાદાગિરિ સંઘછે. સર્વ પ્રકારના નિઅમોને પ્રવર્ત્તાવનાર સંઘ છે. સંઘ શ્રાવકધર્મનો શિક્ષક છે, સંઘ મુનિધર્મનો નિયામક છે, સંઘ શ્રાવકપણાનો સંપાદક છે અને સંઘ તીર્થનો પ્રવાહક છે. જ્યાં સંઘ રૂપ પ્રચંડ સૂર્ય તપતો હોય ત્યાં દુરાચાર રૂપ અંધકાર રહેતું નથી. સંઘના પ્રચંડ શાસનની આગળ ચક્રવર્ત્તી રાજાનું શાસન પણ લાઘવતાને ધારણ કરે છે.

એ સંઘના ઉપર ગણાવ્યા તેમ સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકા—એ ચાર અંગ છે. આ દરેક અંગ સારી સ્થિતિમાં, સારા પ્રવર્ત્તનમાં અને સ્વધર્મમાં પોત પોતાના અધિકાર પ્રમાણે પ્રવર્ત્તે, તો એ સંઘ પૂર્ણાંગપણે પ્રકાશે છે. પણ જો તેનું એક પણ અંગ સ્વકર્ત્તવ્યથી કે સ્વપ્રવર્ત્તનથી ભ્રષ્ટ હોય તો તે સંઘ ઝાંખો અને સંઘના સ્વરૂપથી રહિત થાય છે. આથી તે ચારે અંગને સારી રીતે સંભાળથી રાખવા તે સંઘનું કાર્ય છે. જેમ આપણા શરીરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો અંગ રોગ વિગેરેથી ન્યુન કે શક્તિહીન થાય છે તો તેને ઔષધોપચાર કરી આપણે સુધારીએ છીએ, તેમ સંઘરૂપ એક શરીરનું સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ અંગમાંથી કોઇ અંગ દૂષિત થાય તો તેને સત્વર સુધારવું જોઇએ. જો સંઘ તે અંગ તરફ ઉપેક્ષા રાખે તો તે અંગ એટલું બધું દૂષિત થાય કે જેથી બધા સંઘને પણ હાનિ થઇ જાય છે, માટે તેવા અંગને સુધારવા સંઘે જાગૃતિ રાખવી જોઇએ. એટલે કહેવાની મતલબ એવી છે કે, જો કોઇ સાધુ સ્વધર્મથી વિપરીત વર્ત્તતા હોય, તેવા સાધુ કદિ વિદ્વાન હોય, વ્યાખ્યાન કરવાની શક્તિ ધરાવતા હોય, તોપણ સંઘે તેને સુધારવા જોઇએ. સાધુ એ સંઘરૂપ શરિરનું ઉત્તમાંગ છે. જ્યારે એ અંગ દૂષિત થાય તો પછી સંઘરૂપ શરીર શી રીતે નભી શકે ? સંઘરૂપ મહાન નૃપતિએ પોતાનું શાસન નિષ્પક્ષપાત રીતે પ્રવર્ત્તાવવું જોઇએ. સાધુ પોતાના મહાવ્રતનો ધારક છે કે નહીં, દરેક વ્રતને તે સેવે છે કે નહીં ? એ બધો વિચાર અને તેનું પ્રેક્ષણ સંઘેજ કરવાનું છે. સંઘ તીર્થના પ્રતાપથી સાધુ સાધુધર્મને, સાધ્વી સાધ્વીધર્મને, શ્રાવક શ્રાવકધર્મને અને શ્રાવિકા શ્રાવિકાધર્મને ભય સહિત થઇ પાળે છે. એ સંઘનો અદ્ભુત પ્રતાપ છે.

**અપૂર્ણ.**

# જૈન સોળ સંસ્કાર.

## ૫. ક્ષીરાશન સંસ્કાર.

સૂર્યચંદ્રદર્શનસંસ્કાર કર્યા પછી તેજ દિવસે શ્રાવક શિશુને **ક્ષીરાશન** નામે પાંચમો સંસ્કાર કરવામાં આવે છે. આ સંસ્કારનો હેતુ સ્પષ્ટ છે, તથાપિ તેમાં પણ શ્રાવકની ભવિષ્ય સ્થિતિનું સારૂં ભાન દર્શાવાય છે. પ્રત્યેક પ્રાણીને આહારવૃત્તિ થવી આવશ્યક છે. આહાર વિના પ્રાણીનું જીવન ટકી શકતું નથી, તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આહારનો પ્રથમારંભ વિધિપૂર્વક થવો જોઇએ. માતાના ઉદરમાંથી આ સંસારમાં આવેલા પ્રાણીના શરીરમાં આહાર ક્રિયાનો આરંભ જો જૈન વેદમંત્રના ઉચ્ચારથી થાય તો ભવિષ્યમાં તે પ્રાણી સદા પ્રાસુક આહારનો અભિલાષી થાય છે. ક્ષીરાશન સંસ્કારના પ્રભાવથી ભક્ષ્યાભક્ષ્યનો વિચાર તેનામાં પ્રગટ થાય છે. એવો સુવિચાર થાય, એજ આ સંસ્કારનો પવિત્ર હેતુ છે. આ સંસ્કાર બાળકને જન્મથી ત્રીજે દિવસે કરવામાં આવે છે. જે દિવસે એ સંસ્કાર કરવાનો હોય, તે દિવસે ગૃહસ્થગુરૂ તીર્થનું જલ મંગાવી તેને એકસો આઠવાર અમૃતમંત્રથી મંત્રેછે. પછી મંત્રિત જળવડે બાળક અને તેની માતાના સ્તન ઉપર અભિષેક કરવામાં આવે છે. મંત્રિત કરેલા તીર્થ જલના અભિષેકથી માતાના સ્તનની અંદર રહેલા ધાવણમાં પવિત્રતા આરોપિત થાય છે. જે પવિત્રતા ક્ષીરભોજન કરનારા બાલકની ઉપર સારી અસર કરે છે. અમૃતમંત્રનો પ્રભાવ દિવ્ય હોવાથી માતાના દૂધમાં અમૃતપણું પ્રાપ્ત થાય છે. તે અમૃતપણાના પ્રભાવને લઇને માતાના પવિત્ર પયમાં દિવ્ય ગુણ પ્રાપ્ત થાય છે, જે ગુણને લઇને ભવિષ્યમાં શ્રાવકપણાનો અધિકારી બાળક શુદ્ધ આહારવૃત્તિ સંપાદિત કરી સમ્યક્ત્વ ધર્મને મેળવે છે.

આ પવિત્ર સંસ્કારમાં બાળક તથા માતાના સ્તન ઉપર અભિષેક કરતાં જે અમૃતમંત્ર બોલવામાં આવે છે, તે દરેક જૈનને મનન કરવા યોગ્ય છે.

તે **अमृतमंत्र** નીચે પ્રમાણે છે—

**" ॐ " अमृते अमृतोद्भवे अमृतवर्षिणि अमृतं श्रावय श्रावय स्वाहा ॥**

" અમૃતમાંથી ઉત્પન્ન થયેલા અને અમૃતને વર્ષાવનારા અમૃતની અંદર અમૃતને ઝરાવ્ય "

આ મંત્રના અર્થમાં ઘણુંજ ઉત્તમ પ્રકારનું રહસ્ય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તનનું દુધ એ અમૃત છે તે સર્વદા અમૃતવર્ષી છે. તેની અંદર અમૃતને વર્ષાવવાને અમૃતના અધિષ્ટાયક દેવની પ્રાર્થના કરવામાં આવી છે. હે દેવતા, હે શાસનાધિષ્ઠાયક, તમે અમૃતની અંદર અમૃતને વર્ષાવો, સ્તનનું પય દ્રવ્ય અમૃત છે, તેમાં ભાવામૃતની વૃદ્ધિ કરો એ ભાવામૃત રૂપ પયોમૃતનું પાન કરનાર શ્રાવક શિશુ ભવિષ્યમાં ચતુર્વિધ ધર્મમાંથી શુદ્ધ ભાવરૂપ ધર્મને પ્રાપ્ત કરે છે. વળી અમૃતનો અર્થ મોક્ષ પણ થાય છે, તેથી અમૃત મંત્રથી મંત્રિત થયેલા સ્તનપાનને કરનાર બાળ શ્રાવક સ્થાનારોહણના ક્રમથી છેવટે મોક્ષનો અધિકારી પણ થઇ શકે છે.

અમૃત મંત્રનો અભિષેક કરતી વખતે માતા બાળકને પોતાના ઉત્સંગમાં બેસારે છે. અને પછી મંત્રિત થયેલા સ્તનના પવિત્ર પયનું શિશુને પાન કરાવે છે. આનું નામજ **ક્ષીરાશન** કહેવાય છે. આ વખતે માતાની જે નાસિકા વહન થતી હોય તે નાડી તરફના સ્તનનું પાન પ્રથમ કરાવવાને સંસ્કાર વિધિમાં દર્શાવેલું છે. જ્યારે બાળક સ્તનનું પાન કરતો હોય, તે વખતે ગૃહસ્થ ગુરૂ નીચેના મંત્રથી આશીર્વાદ આપે છે—

**" ॐ अर्हं । जीवोऽसि । आत्मासि । पुरुषोऽसि । शब्दज्ञोऽसि । रूपज्ञोऽसि । रसज्ञोऽसि । गंधज्ञोऽसि । स्पर्शज्ञोऽसि । सदाहारोऽसि । कृताहारोऽसि । अभ्यस्ताहारोऽसि । कावलिकाहारोऽसि । लोमाहारोऽसि । औदारिकाहारोऽसि । अनेनाहारेण तवांगं वर्द्धतां । बलं वर्द्धतां । तेजो वर्द्धतां पाटवं वर्द्धतां । सौष्ठवं वर्द्धतां । पूर्णायुर्भव । अर्हं ॐ ॥**

આ આશીર્વાદના મંત્રમાં **अर्हं** એ મંત્રબીજ મુકી જીવાત્માને બોધ આપી આશીર્વચનનો ઉચ્ચાર કર્યો છે. " હે આત્મા, તું જીવ છે, આત્મા છે, પુરૂષ છે, શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શને જાણનાર છે. તારો આહાર સત્—સારો છે. તેં આહાર કરેલો છે, અનાદિથી તને આહાર કરવાનો અભ્યાસ છે. તારો કવલ, લોમ અને ઔદારીક આહાર છે. આ આહારથી તારામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંગ, બલ, તેજ, પટુતા અને સૌષ્ટવ વૃદ્ધિ પામો અને તું પુર્ણ આયુષ્યવાલો થા " આ મંત્રની અંદર સારૂં રહસ્ય રહેલું છે. જીવને અનાદિકાલથી આહારનો અભ્યાસ ચાલ્યો આવે છે. આહારને લઇને જીવ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શને જાણે છે એ પાંચ વિષયનું મૂલ કારણ આહાર છે. આ શબ્દોથી જીવને ભવિષ્યમાં બોધ આપે છે કે, આહારનો ઉપયોગ તું સારી રીતે જાણજે, આહારનો ઉપયોગ માત્ર વિષયને માટે નથી, પણ બીજા સુકૃતને માટે છે, તે ધ્યાનમાં રાખજે. વળી જીવને જણાવે છે કે, 'તું સદાહારી છું' એટલે સારા આહારવાલો છું. પ્રાસુક, એષણીય આહાર કરવાનો તારો અધિકાર છે. સાવદ્ય આહાર કરવાનો નથી. સર્વદા ભક્ષ્ય અભક્ષ્યનો વિચાર તારે કરવાનો છે. હે જીવ, તું આ પેહેલોજ આહાર કરતો નથી. તેં ઘણીવાર આહાર કરેલો છે. તને આહાર કરવાનો સદાનો અભ્યાસ છે. કવલાહાર, લોમાહાર અને ઔદારિક એ ત્રણ પ્રકારનો તારો આહાર છે. આ વિધિ પ્રયુક્ત આહાર કરવાથી તારૂં અંગ, બળ, તેજ, તંદુરસ્તી અને સૌંદર્ય વૃદ્ધિ પામો અને તારૂં આયુષ્ય પૂર્ણ થાઓ.

આ પ્રમાણે રહસ્ય ભરેલો આશીર્વાદ આપ્યા પછી આ ક્ષીરાશનનો સંસ્કાર સમાપ્ત થાય છે. આ સંસ્કાર આપણી જૈન પ્રજાએ હાલ તદ્દન ગુમાવ્યો છે. પવિત્ર અમૃતમંત્ર અને આશીર્વાદના ઉચ્ચાર જૈન ગૃહસ્થોના મંદિરોમાં હાલ થતાં નથી. એ ઘણા ખેદની વાત છે. આ મહાન્ હાનિ થવાથી આપણા બાળકોને સંસ્કાર બળ તદ્દન મળતું નથી. સંસ્કાર બળને અભાવે તેઓમાં નાસ્તિકપણું વધતું જાય છે, તેમાં શું આશ્ચર્ય ? હાલ પણ જો આપણો જૈનવર્ગ પોતાના પ્રાચીન સંસ્કારો સંપાદન કરવા તત્પર થશે, તો તે અલ્પ સમયમાંજ પાછી પૂર્વ ઉન્નતિ મેળવી શકશે, તેમાં કાંઇ પણ આશ્ચર્ય નથી. શાસનાધિષ્ઠાયક જૈન પ્રજાને તેવી બુદ્ધિ આપો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સત્ય વિષે વિવેચન.

सत्येन धार्यते पृथ्वी सत्येन तपते रविः
सत्येन वायवो वान्ति सर्वं सत्यप्रतिष्ठितम् ॥

હે સત્યાભિકાંક્ષિ પ્રાણીઓ, આ ચલીચલ જગતમાં સાર માત્ર થોડાજ શબ્દોથી વીંટાયલો છે. દસ પ્રકારનાં યતિ ધર્મસૂચક દસ શિક્ષામાં છે. આ ફક્ત યતિઓને માટે છે એમ નહિ કિંતુ, સર્વ આત્મ પરત્વે હોય છે. પૈકી દસમાં સત્ય શબ્દ છે તે વિષે સમજવાનું ઘણું છે કેમકે શ્રીમદ્દઅર્હંદ્દગિરાનાં દરેક વાકયોમાં નયનિક્ષેપાલંકાર પ્રમાણ વગેરે શબ્દવ્યૂહ હોય છે તેમ આ સત્ય વિષે પણ સમજવું. નામ સત્ય, શબ્દ સત્ય, સ્વભાવ સત્ય, ગુણ સત્ય, દાન સત્ય, પ્રતિજ્ઞા સત્ય, ધર્મ સત્ય, ન્યાય સત્ય, સ્વરૂપ સત્ય, વ્રત સત્ય. મનઃ સત્ય, વાક્ય સત્ય, શરીર સત્ય, વ્યવહાર સત્ય, નિશ્ચય સત્ય, તત્સત્ય, દ્રવ્ય સત્ય, ભાવ સત્ય, વસ્તુ સત્ય, એમ અનેક કોટથી સત્યની વ્યાખ્યા દેખાય છે. આ સત્ય દરેક આત્માઓમાં ન્યૂનાધિક અંશે રહે છે. પ્રાચીન દુનિયાનાં મહા પુરૂષો અત્યુત્કૃષ્ટ કાર્યો કરી ગયા તે આ સત્યનાં પરીશીલનથીજ. શ્રી રામચંદ્રે દરિયો ઉલ્લંઘી ફતેહ મેળવી. સીતામાટે પાવક (અગ્નિ) પાણી થયું, દ્રૌપદીનાં ચીર પૂરાણાં, સૂલી પ્રીટી સિંહાસન થયું, હરિશ્ચંદ્ર અને નળ મહારાજાઓના ગયાં રાજ ફરી મળ્યાં.—એમાં કેવલ સત્યજ બલવાન્ હતું. શિબિરાજા અને મેઘરથ રાજા સત્ય માટે પ્રાણાર્પણ કરી ગયા છે. યુગલિયાઓને કલ્પવૃક્ષો સાનુકૂલપણે, અભીષ્ટાર્થ પરીપૂર્ણ કરતા, વિદ્યાધરો મનસ્વિપણે મહદાકાશમાં સર્વત્ર ગમન કરતા—એમાં કેવલ સત્યનીજ બલિહારી ગણાય—લવણ સમુદ્રની વેલા અવિચલ રહે, ધ્રુવ સ્થિરતા સાચવે, મેરૂ અડગ રહે, તપસ્વીઓનો આશીર્વાદો સફલ થાય, કષ્ટ સમયે દેવતાઓ સ્હાય કરે, આ સઘળા દાખલાઓ સત્યદેવની બીરૂદાવલી બોલે છે. આ દુનિયાની સપાટી ઉપર મહા પુરૂષો થયાછે થાય છે અને થશે. તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સઘળા સત્યની સીડી પર ચાલનાર સમજવા. ગમે તે જાતિનો અગર ખંડનો અભ્યુદય તે આ પવિત્ર સત્યનો આભારી ગણો. ઓ સત્યદેવ, ત્હારી અગાધ શક્તિ છે કે પંદરસો બાવાઓ બદલાઈ જઇ કેવલ જ્ઞાની થઈ જાય, પાંચસો ચોર મુક્તિપામે. અને નાટકીયો વંશાગ્રે કેવલી થાય. અહા શી " ખૂબી " ! ભગવતીજીમાં વર્ણન કરાયલો શિવરાજાર્ષિ વિભંગ અજ્ઞાનમાંથી અવધિજ્ઞાન મેળવી શકે તે, ખરૂં પૂછો તો ત્હારીજ અકલં કલા. ભરત ભૂપતિનો ખોટો નાટક કરનાર આષાડભૂતિ કેવલજ્ઞાન પામે, એપણ તારૂંજ બલ. તંદુલમત્સય આઠમે સ્વર્ગે જાય, ચોથા ગુણઠાણાથી અંતર્મુહૂર્તમાં ચૌદમે ચાલ્યા જાય, એપણ સત્યનુંજ બલ. કહ્યું છે કે ॥ **यतः सत्यस्ततो जयः**॥ એક મહા પુરૂષ વદેછે કે, સાચામાં સમકિત વસેજી જુઠામાં મિથ્યાત્વ ઇત્યાદિ. સત્ય એજ સંજમ, સંવર, વૃત, ધર્મ, આજ્ઞા અને ખરા શબ્દોમાં કહો તો મોક્ષનું સ્વરૂપજ સત્ય ગણાય છે. સત્યના અંશાવતારી પુરૂષો આ જગતમાં બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, રામ, બુદ્ધ વિગેરે દેવ તરીકે પૂજાયા, તો સર્વાંશે સત્યાત્મક મહા પુરૂષો પરમ પૂજ્ય થાય, એમાં નવાઇ શી ! ! ! ઉપદેશમાલામાં કહેલા કાલિકાચાર્ય સત્ય સેવન કરી મોક્ષ પામ્યા. અને વસુરાજા અસત્ય વડે સાતમી નરકે ગયો. સત્યાસત્ય વિષે બહુ તફાવત છે; જેમ કાગલ પર પાંચસો મણ અગ્નિ લખીને દારૂ કે રૂના ઓરડામાં નાંખવાથી કશુ પણ બળશે નહિ અને સાચો દેવતા એક તનખો ફેંકવાથી બધું સ્વાહા કરી નાંખશે. જેમ સાચી ખડઅબ્રામી ઔષધી બુદ્ધિ વર્ધક હોય છે પણ ખોટી અબ્રામી કંઇ ફાયદો નહિ કરે; સાચી અકલબેર બહુ લાભ દાયક છે પણ નકલબેર નિઃફલ છે; ખોટી ઇંદ્રજાલ વડે કશું વળનાર નથી પણ સત્યજ ઇંદ્ર મહારાજ બહુ કરી શકે છે એમ સત્ય વાત સર્વત્ર વિજય મેળવી શકે છે. સત્ય સૃષ્ટિમાં વિચરનાર મહા પુરૂષો હેમાચાર્ય, હરિભદ્ર, આનંદઘન પ્રમુખ અનેક મહાત્માઓ પ્રખર પ્રતાપ વડે સર્વ માન્ય થયા. ચાલુ દુનિયાંમાં સામાજિક, નૈતિક, વ્યવહારરિક, ધાર્મિક, પ્રજાકીય, સભાઓ, સમાજો, મં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડળો વિગેરે સઘળામાં સત્યની જબરી જરૂર છે જે જરૂર આગળ જતાં મહા લાભ આપશે. સત્યદેવ આ જગત્‌માં સર્વોપરિ સત્તા ચલાવે છે. ભકતોમાં ભક્તિરૂપે, જ્ઞાનિઓમાં જ્ઞાન રૂપે, ધ્યાનીયોમાં ધ્યાનરૂપે, કવિઓમાં કાવ્ય રૂપે, અને બાળકોમાં પ્યાર રૂપે, અભિસરણ પામે છે. સત્ય સ્વભાવથીજ સરલ હોય છે. એક સત્ય વાતને ઉત્થાપીને અસત્ય ઠરાવા ચ્હાશો તો તમારા મનને બહુ કપરૂં લાગશે. તેમ એક અસત્યને સત્યમાં સ્થાપશો તો બીજી અનેક સત્ય બાબતો ઉત્થાપન થઇ જશે. દાખલા તરીકે કોર્ટોમાં ચાલતા કેશની તકરારોમાં જુબાનીની ધમા ચકડી બસ થશે. થરમામીટરની પરે સત્ય સરદી ગરમી બતાવનાર છે, હોકાયંત્રવત્ નિયમિત સ્થળે ઠરનાર છે. પાણીમાં તુંબડાઓ માફક ઉપર તરી આવનાર છે. સત્યનું મહાત્મ્ય આજે પણ સફલ છે. આ કૂડા કલિયુગમાં કોઇપણ માણસ સમજણો થયો ત્યાંથીજ સાચું બોલવાની ટેવ પાડે, અસત્ય સર્વથા નજ વદે, એવા સત્યાગ્રહી મહા પુરૂષને લાભ ખોટ, સોંઘું મોંઘું, દુકાળ સુકાલ, ભૂકંપ, ખગોળ ભૂગોળનાં વરતારા, ભવિષ્ય જ્ઞાન યથાર્થ સમજવામાં આવે છે, અને એ વચન સિદ્ધિ પણ મેળવે છે. પુન્યબળ, જ્ઞાનબળ, ધર્મબળ, યોગબળ, સમાધિબળ, અધ્યાત્મબળ, મનોબળ, વાગ્‌બળ, કાયબળ, બુદ્ધિબળ, વિચારબળ એવા ઘણા બળમાં ખરો જીવન યંત્ર સત્ય કહેવાય છે. મોક્ષ પ્રાપ્તિનાં અનેક સાધનોમાં આ એક મોખરે બેસનાર છે. આવા સત્યના સેવનથી નરમાંથી નારાયણ બને છે, પુરૂષમાંથી પુરૂષોત્તમ થાય છે, જન એ જિન થાય છે, જીવમાંથી શિવ થાયછે, અને આત્મા પરમાત્મા બને છે. આવા સત્યને માટે સત્યાવતારી મહાત્મા આનંદઘનજી મેઘનાદ કરી દુનિયાને સત્યની સાબીતી કરી આપે છે.

### પદ, રાગ સારંગ અથવા આશાવરી.

અબ હમ અમર ભએ ન મરેંગે, અબ૦
યા કારન્ મિથ્યાત (અસત્ય) દીયો તજ,
ક્યું કર દેહ ધરેંગે. અબ હમ૦ ૧.
રાગ દોષ જગબંધ કરત હે, ઇનકો નાશ કરેંગે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મર્યો અનંત કાલ તેં પ્રાની, સો હુમ કાલ હુરેંગે. અબ હુમ૦ ૨.
દેહુ વિનાશી, હું અવિનાશી, અપની ગતિ પકરેંગે;
નાશી જાશી હુમ થિરવાસી, ચોખે વ્હે નિખરેંગે. અબ હુમ૦ ૩.
મર્યો અનંત વાર બિન સમજ્યો, અબ સુખ દુઃખ વિસરેંગે;
આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહિ સમરે સો મરેંગે. અબ. ૪.

લીઃ મુનિ રત્નવિજય.
સ્થળ ભુજ.

# " ગ્રંથાવલોકન પર ટીકા. "

**પ્રિય વાંચકોઃ-**

હુમણાંજ આપણાં " જૈન " પત્રમાં, માસિકો, લેખ અને લેખકો " એ નામના વિષય પરત્વે એવું લખાણ લખવામાં આવ્યું છે કે,—આજ કાલ માસિકો નવો ધંધો લઇ બેઠા છે. માસિકને પૂરતું લખાણ મળે નહીં—( માટે ) + + + + જોવામાં આવે છે તેમ પરસ્પર વાદ વિવાદ, વિના કારણે ખંડન મંડન, ઇર્ષ્યાને લઇને વક્રોક્તિ + + ટીકા, વાકય પ્રહાર, મુસાફરીના હેવાલો + + આપસ આપસની લડાઇ + + આત્મશ્લાઘા વિગેરે બહુજ જોવામાં આવે છે.

આ લખાણ વ્યાજબી છે કે ગેરવ્યાજબી છે તે તપાસવું આપણા માસિક અને અઠવાડિક પત્રોના સુજ્ઞ વાંચનારાઓની મુનસફી પર સોંપીએ છીએ.

પણ એટલામાં અમારે આ જૈન પત્રમાં આવેલા લેખના લેખકની નાપસંદગી વ્હોરી લેવાનો વખત આવ્યો છે. ( એને માટે અમે તો પ્રથમથીજ અમારી ભૂલ કબુલ કરી ક્ષમા ચાહીએ છીએ. ) કારણ કે, અમારેજ આ વખતે એ લેખકે નિરૂપયોગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેલા (જ્ઞાતિ કે સમૂહમાં ક્લેશનાં બીજ રોપાવનારા) એક વિષય પરત્વે કંઇ લખવાની ફરજ પડી છે.—અમને ફરજ પાડવામાં આવીછે.

વાત આમ છે કે, પાલીતાણાના વિદ્યાપ્રસારક વર્ગ તરફથી થોડા વખત પહેલાં શ્રી માનવિજયજી ઉપાધ્યાયનો રચેલો ધર્મ સંગ્રહ નામના ગ્રંથનો પ્રથમ ભાગ મૂળ અને ભાષાંતર સહિત છપાવીને બહાર પાડવામાં આવ્યો છે. એ પુસ્તકની એકેક નકલ પ્રસિદ્ધ કર્ત્તા તરફથી (ભાષા અને ભાષાંતરના) અવલોકનાર્થે[1] બીજાઓની સાથે મુંબઇ સમાચાર, બુદ્ધિ પ્રકાશ, જૈન, જૈન હેરલ્ડ, તરંગ, શ્રાવક, જૈન ધર્મપ્રકાશ, અને આ આત્માનંદ પ્રકાશ આદિ દૈનિક, અઠવાડિક અને માસિક પત્રોને ભેટ મોકલાવવામાં આવી હતી. મુનિવર્ગમાં મુનિ મોહનવિજયજી અને મુનિ બુદ્ધિસાગર વિગેરેને મોકલાવવામાં આવી હતી. આમ એમના

---

૧ ભાષાન્તર છે એટલે એમાં અવલોકવાનાં "ભાષા કેવી છે" અને મુળ સમજતા હોતો "ભાષાંન્તર કેવું થયું છે" એ બેજ વાનાં છે. આમાં મૂળ સાથે છે એટલે મૂળ જાણનાર, ખરેખરી નવરાશ જે બહુ થોડાઓનેજ હોય છે તે લે તો તે ભાષાન્તરની શુદ્ધતા વા અશુદ્ધતા જાણીને અભિપ્રાય આપે. પણ એમાં એ જેમના જેમના ઉપર આ ગ્રન્થ અભિપ્રાયાર્થે મોકલાવવામાં આવ્યોછે એ બધાઓ મૂળ સમજનારાજ છે એમ સમજીને પ્રસિદ્ધકર્ત્તા તરફથી મોકલવામાં આવ્યો નહીં હોય. કારણકે અમે નથી ધારતા કે જેમનાપર એ ગ્રંથ અભિપ્રાયાર્થે મોકલાવવામાં આવ્યો છે તેઓ બધા સંસ્કૃત અને માગધીના વિદ્વાન હોય. માટે આ ભાષાન્તરના "અવલોકનાર્થે"નું છેવટ ત્યાંસુધી આવ્યું કે "ભાષા કેવી છે" એજ અવલોકવાનું છે. જોકે ખરેખરી રીતે તો જે પુસ્તકો આદિ અવલોકનાર્થે ભેટ મોકલાવવામાં આવે છે તે તેમનો સ્વતંત્ર ચોખો ફુલ જેવો અભિપ્રાય સાંભળવા નહીં પણ આપણા 'જૈન ધર્મ પ્રકાશ' ના આધિપતિ કહે છે કે "બુકોની પહોંચ આપવાનો સામાન્ય રિવાજજ એવો પડયોછે કે કોઇ પણ બુક ભેટ આવે તો તેની પહોંચ આપવાની સાથે બે શબ્દો વિવેકના લખવામાં આવે છે" તે પ્રમાણે બે વિવેકના શબ્દો લખાવા માટે અને એ રીતે જૂદા જૂદા પત્રો આદિ વાંચનારાઓ ઝાઝા જણ એ અભિપ્રાય વાંચે અને બુક ખરીદ કરે એટલા માટે ભેટ મોકલવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમનાં તરફથી આવેલા અભિપ્રાયો પ્રકટ થએલા જોવાથી સમજાય છે. પ્રત્યેક વ્યક્તિએ એ ગ્રંથ પરત્વે પોતાને આવડયો અને ગમ્યો તેવો અભિપ્રાય પોતાની સમજણ પ્રમાણે આપ્યો છે; કારણ કે, સ્વાભાવિકજ છે કે પોતાના અભિપ્રાય વિષે અન્ય શું કહે શે, અન્યને એ રૂચિકર થશે કે નહીં એ જોવાતું નથી. એ જોવાય તો પછી એનું નામ પોતાનો **સ્વાધીન** અભિપ્રાયજ ન કહેવાય. એનું નામ તો " મીયાંની ચાંદે ચાંદ " એમજ કહેવાય. ( આ ઉપર જણાવેલા પત્રોમાંના એક પત્રે ) ( ' જૈનહેરલ્ડ' પત્રે ) હમણાંજ " ચાંદે ચાંદ " બહાર પાડી છે તે અમારા વાંચનારાઓને વાંચી જવાની ભલામણ કરીએ છીએ ).

એ ગ્રંથ વિષે અભિપ્રાયો નીચે પ્રમાણે પ્રકટ થએલ જોવામાં આવે છે.

ગ્રંથના કર્ત્તા, ગ્રંથનું શ્લોક પ્રમાણ, ગ્રંથ કર્ત્તાએ વર્ણવેલા ભિન્ન ભિન્ન અધિકારો, ઈત્યાદિ, પ્રસ્તાવના કે અનુક્રમણિકા ઉપર દૃષ્ટિપાત થયાથી જણાઇ જાય એવા વિષયો ગણાવી, અને સામાન્ય બુદ્ધિવાળા પણ હાજ કહે એવા ( ઉપયોગી ) વિષયોનું ઉપયોગીપણું બતાવી, કયાંક કયાંક એજ ગ્રન્થની પ્રસ્તાવના માંહેલીજ બે ચાર લીંટી પોતાના અભિપ્રાય તરીકે ટાંકી, અવલોકન કરનારાઓ પોતાનો અભિપ્રાય બતાવે છે કેઃ—

**મુંબઈ સમાચાર**,—ભાષાન્તરની પદ્ધતિ કેવળ અક્ષરશઃ નહીં લેતાં વાકયના સંબંધને આધારે લેવામાં આવી છે, કારણ કે, ભાષાન્તરનો હેતુ ગુજરાતીમાં મૂળ વાત સમજાવવાનો રાખવામાં આવ્યો છે. (આ વાકયો પોતાના અભિપ્રાય તરીકે મૂક્યાં જણાવે છે પણ એ એ ગ્રન્થની પ્રસ્તાવનામાંથી અક્ષરશઃ ઉતારો છે. )

**બુદ્ધિપ્રકાશઃ**—ભાષાન્તર સહેલું સમજી શકાય તેવું છે.

**મુનિ મોહનવિજયજીઃ**—ભાષાન્તર ઘણુંજ સરસ, શુદ્ધ અને સરલ રીતે કરવામાં આવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મુનિ બુદ્ધિસાગરઃ**—ભાષાન્તર જેવી ઢબથી તથા સુધારાથી કરવું જોઇએ તે પ્રમાણે થયું છે.

**શ્રાવકઃ**—ઘણીજ સરલ ભાષામાં ભાષાન્તર કરી સર્વને ઉપયોગી થવા પ્રકટ કરેલ છે.

**તરંગઃ**—ઘણાજ પરિશ્રમથી શુદ્ધ અને સરળ ભાષામાં ભાષાન્તર કરી છપાવેલ છે.

**જૈનહેરલ્ડઃ**—પ્રસ્તાવના ઉત્તમ છે. પુસ્તક દરેક રીતે ઉત્તેજનને પાત્ર છે.

**આત્માનંદ પ્રકાશનો** એટલે કે અમારો પોતાનો અભિપ્રાયઃ—ભાષાન્તરની ભાષા શુદ્ધ અને સરલ છે. ભાષાન્તર કેવળ અક્ષરશઃ નકરી મૂળના ભાવાર્થને હાનિ થવા દીધી નથી. (પ્રસ્તાવનાનાજ એક વાકયપરથી આ અમારૂં બીજું વાકય ઉદ્દભવ્યું છે.)

આ પ્રમાણે જુદા જુદા પત્રકારોએ પોત પોતાના અભિપ્રાય બતાવી છેવટમાં પ્રસિદ્ધકર્તા વિદ્યા પ્રસારકવર્ગને એમના પ્રયાસને માટે ધન્યવાદ આપી, છપાવવાના ખર્ચે સારૂ દ્રવ્યની સહાય આપનાર શેઠ વસનજી ત્રીકમજી આદિ શ્રીમાન્ ઉદાર જૈન ગૃહસ્થોની પ્રશંસા કરી છે.

પણ આ સઘળું આપણા 'જૈનધર્મ પ્રકાશ' ના અધિપતિ સાહેબને ગોઠતું થયું નથી. આ સઘળા પત્રકારોએ આપેલી પહોંચ તેમને ગમી નથી. એઓ સાહેબ તો એમ કહેવા નીકળ્યા છે કે તમોએ બધાએ એ ગ્રન્થનાં વખાણ કર્યાં છે તે કરવાં નહીં! કારણ કે તમારાં વખાણ ગેરવ્યાજબી છે, તેથી માણસો ભૂલાવો ખાઇ જશે.

એઓ સાહેબ પોતાના ગયા વૈશાખ માસના અંકમાં સદરહુ ગ્રન્થનું અવલોકન કરતાં, (મૂળ) કર્તા પુરૂષના અનહદ પ્રયાસની, અપૂર્વ—પરમહિતકારી—પ્રસિદ્ધ કરવા લાયક—ગ્રન્થની, દ્રવ્ય સહાય આપનાર ઉદાર દીલના ગ્રહસ્થ વસનજી ત્રીકમજીની, પુસ્ત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કના પ્રમાણમાં અલ્પ મૂલ્યની, પુસ્તકના સુંદર બાઇન્ડીંગની અને છેવટે ઘણા ઉપયોગી ગ્રન્થો હાથમાં લઇ બહુ શ્રેષ્ટ કામ ઉપાડનાર એ ગ્રન્થના પ્રસિદ્ધ કરતા વિદ્યા પ્રસારક વર્ગની, **નિન્દા** ( હા, નિન્દા, કારણકે બીજાઓએ એમના જેવું લખ્યું છે તે તેઓ સાહેબ તે ગ્રન્થના ( એમને અણગમતાં ) " વખાણ " કહેછે અને એમણે પોતે જે એ અર્થનું લખ્યું છે એ ' વખાણ ' નહીં ત્યારે નિન્દાજને ! ! ! ) કરી કહે છે કે

" આ ( ધર્મ સંગ્રહ ) ગ્રંથની પહોંચ બીજા માસિક વગેરેમાં પણ અપાયલી દૃષ્ટિમાં આવેલ છે પરંતુ તેમણે ગ્રંથની શોભા માત્રજ જોયેલ જણાય છે. એવી પહોંચ આપનારાઓ પ્રત્યે અમારી વિનતિ છે કે કોઇપણ ગ્રન્થનાં **વખાણ** કરો તો તપાસ કરીને પછી કરો કે જેથી કોઇ માણસ ભૂલાવો ન ખાય. "

પ્રિય વાંચનાર, અહિં સુધીતો અમારા આ લેખની પ્રસ્તાવના પૂરી થઇ. અમારો આ લેખ શાથી જન્મ પામ્યો એ હવે ત્હારી સમજમાં આવ્યું હશે—

પહોંચ આપનારાઓમાંના બીજા પહોંચ આપનારાઓને પડતા મુકી ખાસ અમનેજ ( કારણકે અમે એમના ઇષ્ટ મિત્ર અને તે પણ પાસેનાજ ! ) એ તંત્રી સાહેબ ઉપાડે છે કે બસ, તમે એ ગ્રન્થનાં વખાણ કેમ કર્યાં ?

આનો ઉત્તર અમે એ મહેરબાન જૈન ધર્મ પ્રકાશના તંત્રી સાહેબને આપીએ છીએ કે:—

તમે ' **વખાણ** ' ' **વખાણ** ' કહો છો તે ' **વખાણ** ' અમારે શેનાં સમજવાં? તમે ગ્રન્થની શ્રેષ્ટતા આદિના ' વખાણ ' કહેતા હો તો તે વખાણ કરેલાં હોય તે વ્યાજબી છે. જે બીજા પત્રકારોએ અને આપ સાહેબે સુદ્ધાં કરેલું છે. પણ આપ સાહેબનો અંન્તઃકરણનો પુછવાનો ભેદ એ જણાય છે કે " તમે ભાષાન્તરનાં વખાણ કેમ કર્યાં? ( કારણ કે એ દોષવાળું છે ). " તો આના જવાબમાં અમારે કહેવાનું એ છે કે ' અમે ભાષાન્તરનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખાણ કર્યાંજ નથી, મેહેરબાની કરીને બતાવશો કે અમારા ગ્રંથાવલોકનમાં કયે પાને અને કઇ પંક્તિમાં એ ભાષાન્તરનાં વખાણ કરી નાખ્યાં છે જે આપ સાહેબને અરૂચતાં થયાં છે ? એ પુસ્તકના અભિપ્રાયમાં અમે અમારો મત દર્શાવતાં કંઇપણ કહ્યું હોય તો જે અમે ઉપર કહી ગયા છીએ તેજ છે–( કે **ભાષાન્તરની ભાષા શુદ્ધ અને સરલ છે.**) આપ સાહેબ કદાચ એ લખાણ "ભાષાન્તર શુદ્ધ × × છે એમ વાંચતા હશો, અથવા 'ભાષાંન્તર' અને 'ભાષા' ને એકજ સમજતા હશો." જો પહેલું વાંચતા હો તો દૃષ્ટિ સુધારવી જરૂરની છે. અને બીજું સમજતા હો તો ગુરૂગમની આવશ્યક્તા છે.

માટે અમે જૈ. ધ. પ્ર. ના મે. તંત્રી સાહેબને જણાવવાની રજા લઇએ છઇએ કે "આપ સાહેબ, **બીજાઓતો શું** (ખરી વાત છે, આપ સાહેબને બીજા દૈનિક, અઠવાડિક, કે માસિકોની સાથે રોજનો ને નિકટનો નાતો નથી; અમે ઇષ્ટ (?) મિત્ર, ને, તે પણ નિકટના માટે બીજાઓને પડતા મૂકીને ) **પણ × × × એ આત્માનંદ પ્રકાશમાં એ ગ્રંથની પહોંચ આપવામાં આવી છે અને તેનાં** (ખોટાં) **વખાણ કરવામાં આવ્યાંછે**— આમ કહીને અમારી પર જે ટીકા કરો છો, અને આપની એ ટીકા જાણે સર્વાંગે શુદ્ધ અને ન્યાય યુક્ત ચિત્તથી કરેલી હોય એમ વળી કહો છો કે 'હા અમે એ અમારા ટીકાવાળા લખાણને વળગી રહીએ છીએ,' તે **આપ સાહેબની ટીકા તથા ટીકાવાળું લખાણ તદ્દન ગેરવ્યાજબી છે.**

છેવટે એઓ સાહેબ અમારૂં પહોંચનું લખાણ ફલાણાએ લખ્યું છે કરી દીલગીરી જાહેર કરે છે તો તે દીલગીરી એમને શાને માટે થાય છે ? લખાણને માટે, કે લેખકને માટે ? લખાણને માટે દીલગીરી શાની ? કારણકે એ તદ્દન વ્યાજબીજ છે. અને લેખકને માટે પણ શાની ? કારણ કે લેખક ગમે તે હો; એઓ સાહેબ જેવા "બાહોશ અને વિદ્વાન" રીઞ્યુ લેનારે તો, લેખક ગમે તે હો તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરકાર કરવાનીજ નથી; એ લેખકનો લેખજ "બારીકીથી" અને "ઊંડા" ઉતરીને જોવાનો છે કે તે વ્યાજબી છે કે ગેરવ્યાજબી.

(અમારે બે બોલ આ સંબંધના પક્ષકારોને સૂચનાના કહેવાના છે તે એ કે મે. જૈ. ધ. પ્ર. ના અધિપતિ સાહેબના કહેવા પ્રમાણે ભાષાન્તર અશુદ્ધ થયું હોય તો એ ભાષાન્તર કર્ત્તાએ ચાનક લેવાની છે; અને ભાષાન્તર કરવાના ભાવ માટે કંઈ ઓછાવત્તાની ખેંચતાણ રહેતી હોય તો ભાષાન્તર કરાવનારાઓએ ઉદારતાથી એ કામ લેવું જોઇએ છીએ. અમે ઇચ્છીએ કે આ અમારી સૂચના એકે પક્ષને બીજી બાબતોની પેઠે અરૂચિકર નહિં થઇ પડે).

# વૃત્તાંત સંગ્રહ.

## કચ્છ–મહોદય.

કચ્છ ભૂમિમાં પાછી ધાર્મિક ઉન્નતિના નવા સમાચાર જાણવામાં આવ્યા છે. શ્રીવિજયાનંદસૂરિના પ્રશિષ્ય મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજના ઉપદેશરૂપ સૂર્યે એક બીજો નવો પ્રકાશ આપ્યો છે. કચ્છની **મોટી ખાખરમાં**, ગુરૂ ભક્તિનાં ગીત ગવાય છે. ખાખરનું સ્થળ ચાતુર્માસ્યનું માનસ સરોવર બન્યું છે. મુનિવર રાજહંસથી અને પન્યાસ શ્રી સંપત્ વિજયજીની સંપત્તિથી તે માનસ સરોવરની શોભા ખરેખર જામી છે. કલહંસની જેમ મુનિહંસની મધુર વાણીએ કચ્છ પ્રજાનાં હૃદય ખેંચ્યાં છે. મુનિરાજના ચાતુર્માસ્યથી સર્વ જૈન પ્રજા ધર્મકરણી કરવામાં તત્પર થઈ છે. ગુરૂશ્રીના ઉપાશ્રય આગળ અખંડ નોબત બેઠી છે. ઘણાં ધાર્મિક સુધારા થતા જાય છે. જૈનાભાસોના શાસ્ત્ર વિરૂદ્ધ કૃત્યો તરફ શુદ્ધ જૈનો તિરસ્કાર બતાવવા જાય છે. તે સ્થળે દેવદ્રવ્યના વ્યયથી કરેલી કેટલીએક વસ્તુઓ ગુરૂસ્થાન–ઉપાશ્રયમાં વપરાતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી, તે શાસ્ત્ર વિરૂદ્ધ પ્રવર્ત્તનને મુનિરાજ શ્રી હંસવિજયજીએ સુધાર્યું છે. મુનિરાજશ્રીના ઉપદેશથી શેઠ દેવરાજ નાગસીના પુત્રો- એ તે સુધારો કર્યો છે. દેવદ્રવ્યનો વ્યાજ સાથે બદલો આપી, તે ચીજો ગુરૂસ્થાનને સોંપવામાં આવી છે. તુંબડી નામના ગામના જૈનવર્ગમાં કુસંપે ચિરકાળથી પ્રવેશ કર્યો હતો તે કુસંપ રૂપ કાદ- વને હંસવાણીની તેજસ્વી પ્રભાએ શોષી લીધો છે. તેથી ત્યાંના ઉપાશ્રયમાં ખર્ચાએલી દેવદ્રવ્યની મોટી રકમ શેઠઅમરસી રામ- સીએ તથા શેઠ નેણસીભાઈ દેવરાજે મોટી ઉદારતાથી આપી છે. કેશર વિગેરે ખાતામાં પણ બીજું નિર્દોષ દ્રવ્ય ઉત્પન્ન થયું છે. તે શિવાય બીજા ઘણાં સુધારાઓ તુંબડી ગામમાં થયા છે.મહામુનિ રાજહંસની વાણી રૂપ વારિ પ્રવાહના પ્રભાવમાં તુંબડી સારીરીતે તરતી થએલી જોવામાં આવે છે. કચ્છ—મુદ્રામાં પણ હંસ વાણીની મુદ્રા સારી રીતે પડી છે. જૈન પાઠશાળા અને જૈન પુસ્તકાલયની સ્થાપના ત્યાં સારા પાયા ઉપર કરવામાં આવી છે. પુસ્તકાલયની સાથે મહા મુનિશ્રી હંસવિજયજી મહારાજનું પવિત્ર નામ જોડવામાં આવ્યું છે. મુનિરાજની નામમુદ્રાથી મુદ્રાંકિત થયેલી પાઠશાળા તથા પુસ્તકાલયથી મુદ્રાનું નામ ખરેખર કૃતાર્થ થયેલું છે.

## કચ્છ—અંજારમાં જ્ઞાનાંતરાય.

વર્ત્તમાનકાલે કચ્છ ભુમિમાં ધર્મના ઉદ્યોતની વાત સાંભળી સર્વને આનંદ થાય છે, ત્યારે બીજી તરફ એક ઉલટી જ વાત સાંભલવામાં આવી છે. અંજારના ઉત્તમ ક્ષેત્રમાં મહામુની શ્રી હંસવિજયજી મહારાજના ઉપદેશથી ભારતવર્ષના પ્રખ્યાત ઉપકારી ગુરૂ શ્રી આત્મારામજી મુનીશ્વરના નામથી એક આત્માનંદ પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી હતી. એ સ્વર્ગવાસી મહાત્માના નામનું સ્મરણ એ ક્ષેત્રમાં મોટા સમાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભથી રાખવામાં આવ્યું હતું. તે સતત વિદ્યમાન રહેવાને માટે કેટલા એક ઉત્સાહી ગૃહસ્થો તેના અંગભૂત થયા હતા. પુસ્તકાલયના નિર્વાહને માટે એક સારી રકમ ઉત્પન્ન પણ થઇ હતી હાલમાં તે કાર્યને ઉત્સાહ આપનાર શેઠ કચરા જાદવજી ગુજરી જતાં તે પુસ્તકાલય બંધ કરવામાં આવ્યું છે. બીજાઓ પ્રમાદની પરાધીનતામાં મગ્ન થઇ તે તરફ ઉપેક્ષા કરી બેસી રહ્યા છે. આ ખબર જાણી અમને દીલગીરી થાય છે કે, જે સમારંભ અંજાર ક્ષેત્રમાં કરવામાં આવ્યો છે, તે બંધ કરવો યોગ્ય નથી. આથી જ્ઞાનમાં મહાન્ અંતરાય ઉત્પન્ન થાય છે. જે સ્વર્ગવાસી મહાશયનું નામ તમે પુસ્તકાલયની સાથે જોડયું છે, તે કોણ છે તે વિચારવાનું છે. ભારતવર્ષના ઉપકારી તે સ્વર્ગવાસી ગુરૂના નામને લુપ્ત કરવાનું આ અકાર્ય અંજારના પવિત્ર ક્ષેત્રમાં અને તે ત્યાંના સંઘના આગેવાનોને શોભાવનારૂં નથી. જ્યાં સુધી એ પુસ્તકાલયમાંથી પ્રસાર થતો જ્ઞાનનો પ્રવાહ પાછો ચાલશે નહીં, ત્યાં સુધી અંજારના સંઘની સમજણ ભૂલ ભરેલી કહેવાશે. તેથી અંજારના અગ્રેસરો પોતાના ધાર્મિક જીવનને સફળ કરવા તે પુસ્તકાલયને પાછું જીવન આપી જાગ્રત કરશે, એવી અમારી પ્રાર્થના છે.

For Private And Personal Use Only